Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-5, Issue-6, Continuous Issue-36, March - April 2026

# 'કાકડો' વાર્તામાં કોમી વૈમનસ્ય અને માનવીય સંવેદનાનું આલેખન

ગુજરાતી ટૂંકીવાર્તાના સ્વરૂપમાં સામાજિક વાસ્તવિકતા અને માનવમનના સંકુલ ભાવોનું આલેખન હંમેશાં કેન્દ્રસ્થાને રહ્યું છે. તેમાંય વિશેષ કરીને સાંપ્રદાયિક રમખાણો, કોમી હુલ્લડો અને તેના પરિણામે ઊભા થતા માનવીય સંબંધોના વિચ્છેદની કથાઓ ગુજરાતી સાહિત્યમાં અત્યંત સંવેદનશીલ રીતે આલેખાઈ છે. ડૉ. ભરત સોલંકીની 'કાકડો' વાર્તા આ પરંપરામાં એક સીમાચિહ્નરૂપ કૃતિ છે. આ વાર્તા માત્ર કોઈ ઘટના કે હુલ્લડનું સીધું ચિત્રણ નથી, પણ ઘટનાના વર્ષો પછી માનવમાનસ પર રહી ગયેલા 'આઘાત' અને તેમાંથી મુક્ત થવાની 'કેથાર્સિસ'ની પ્રક્રિયાનું ઉત્તમ મનોવૈજ્ઞાનિક આલેખન છે. સાંપ્રત સર્જક ડૉ. ભરત સોલંકી પાસેથી ‘કાકડો’(૨૦૧૭) અને ‘વીડિઓ શૂટિંગ’(૨૦૨૪) નામે બે વાર્તાસંગ્રહો પ્રાપ્ત થાય છે. અહિં ‘કાકડો’ વાર્તાસંગ્રહની શીર્ષક વાર્તાને મૂલવવાનો ઉપક્રમ છે.

વાર્તાની પૃષ્ઠભૂમિમાં ૧૯૯૨ના ‘અયોધ્યાકાંડ’ તથા ૨૦૦૨ના ‘ગોધરાકાંડ’ અને ત્યારબાદ દેશભરમાં ફાટી નીકળેલા કોમી રમખાણોનો સંદર્ભ લેખકે બખૂબી ગૂંથ્યો છે. લેખક સ્પષ્ટપણે નિર્દેશ કરે છે:

"આઝાદીકાળથી કહો કે વર્ષો જૂની હિંદુ-મુસ્લિમ એકતાને લાગેલા ગ્રહણના ભાગરૂપે અયોધ્યામાં પ્રાચીન ઈમારતનો ઢાંચો તોડવામાં આવ્યો... તેમાંય ગુજરાતમાં તો ગામેગામ તેની આગ અને અસર ફરી વળી. અમદાવાદ જેવા શહેરમાં તેણે વધુ જોર પકડ્યું." [પૃષ્ઠ: ૧૦]

આ ઐતિહાસિક સંદર્ભ વાર્તાને એક વિશાળ ફલક પૂરો પાડે છે, જ્યાં કથાનાયકની અંગત પીડા એ સમગ્ર સમાજની સામાજિક-સાંસ્કૃતિક પીડા બની જાય છે.

વાર્તાનું કથનકેન્દ્ર પ્રથમ પુરુષ કથન પદ્ધતિમાં છે, જે વાર્તાને વધુ આત્મીય અને જીવંત બનાવે છે. વાર્તાની શરૂઆત વર્તમાન સમયમાં, હૉસ્પિટલના બિછાનેથી થાય છે. નાયક 'હિપેટાઈસ-બી' જેવી જીવલેણ બીમારીનો શિકાર છે. હૉસ્પિટલમાં ટપકતો ગ્લુકોઝનો બાટલો અને બહારથી આવતો 'ગણપતિ બાપા મોરિયા'નો અવાજ એક વિશિષ્ટ વાતાવરણનું નિર્માણ કરે છે.

અહીં શારીરિક બીમારી એ નાયકના મનમાં રહેલી કોમી પૂર્વગ્રહની 'માનસિક બીમારી'નું રૂપક બનીને આવે છે. હૉસ્પિટલનો મુસ્લિમ કમ્પાઉન્ડર સલમાન જ્યારે સેવા કરે છે, ત્યારે નાયકના અર્ધજાગ્રત મનમાં ફ્લેશબૅક દ્વારા ભૂતકાળનો સુલેમાન જીવંત થાય છે:

"મેં આંખો મીંચી સૂવાનો પ્રયત્ન કર્યો, ને આ સલમાનના સ્મરણો વાગોળતો વાગોળતા મન ખાસ્સુ દશેક વર્ષ પાછળ ઠેઠ સુલેમાન સુધી પહોંચી ગયું. આ સલમાન, એ સુલેમાન." [પૃષ્ઠ: ૧૦]

આ સન્નીધિ વાર્તાને બે સ્તર પર ચલાવે છે: એક તરફ વર્તમાનની શારીરિક પીડા અને બીજી તરફ ભૂતકાળની માનસિક પીડા.

વાર્તાનો મધ્યભાગ ભય અને અવિશ્વાસના વાતાવરણને અત્યંત સઘન રીતે રજૂ કરે છે. કોમી હુલ્લડો માત્ર ઈમારતો નથી બાળતા, તે માનવીય સંબંધોની ઈમારતને પણ ભસ્મીભૂત કરે છે. સુલેમાન, જેની સાથે નાયકને "ઘર જેવો સંબંધ" હતો, જે મફતમાં વાહનો સરખાં કરી આપતો અને જેમાં "કોઈનેય છેતરવાની વૃત્તિ" નહોતી દેખાતી, તે જ સુલેમાન પરિસ્થિતિ બદલાતાં ટોળાંનો નેતા બની જાય છે.

લેખક સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણથી માનવજાતના પતનનું ચિત્રણ કરતા નોંધે છે:

"ઈશ્વરે સૌથી વધુ વિશ્વાસ ને શ્રદ્ધા મનુષ્યજાત પર મૂક્યા હતા પરંતુ આજે મનુષ્યે એ જ બીજા મનુષ્ય પરથી વિશ્વાસ અને શ્રદ્ધા ગુમાવી દીધા હતા. શહેરનાં જાહેર માર્ગો પર પશુ-પક્ષીઓ નિરાંતે હરતા-ફરતા ચરતા હતા. માત્ર મનુષ્ય જ થરથર કાંપતો હતો." [પૃષ્ઠ: ૧૦]

આ વિધાનોમાં લેખકનો જીવનજોવા તરફનો દાર્શનિક અભિગમ પ્રગટ થાય છે. પશુઓ નિર્ભય છે અને બુદ્ધિશાળી મનુષ્ય પોતાના જ ભાઈઓથી ભયભીત છે, તે આજના સમાજની સૌથી મોટી વિડંબના છે.

વાર્તામાં મુસ્લિમ સમાજના ત્રણ ભિન્ન ભિન્ન પાત્રોનું આલેખન થયું છે, જે નાયકના મનોજગતને જુદી જુદી રીતે આકાર આપે છે.

સુલેમાન (કટ્ટરતા અને ક્રૂરતાનું પ્રતીક)નું રમખાણ વખતેનું વર્ણન એક રાક્ષસી તત્ત્વ તરીકે થયું છે. "તેનો કાળો પાયજામો, કાળુ પહેરણ, કાળો વર્ણ ને કાળી દાઢી... તે સાક્ષાત્ યમદુત જેવો લાગતો હતો!" [પૃષ્ઠ: ૧૧]. ટોળાંને ઉશ્કેરતો તેનો અવાજ "પહેલે ઈસકો, ફિર ઉસકો, ફિર સબકો મારા ડાલો" [પૃષ્ઠ: ૧૨] નાયકના ચિત્ત પર કાયમી ઘા (Scar) કરી જાય છે.

સલમાન (સેવા, આશ્વાસન અને માનવતાનું પ્રતીક) હૉસ્પિટલમાં કમ્પાઉન્ડર છે, એ સુલેમાનથી તદ્દન વિપરીત ધ્રુવ પર ઊભેલો માણસ છે. તે ગોરો, સુંદર અને મીઠાશભર્યો છે. તે હિંમત આપતા કહે છે: "તમને સારુ થઈ જ જશે... અમે તો છીએ જ ને બાકી તો ખુદા...” [પૃષ્ઠ: ૧૦]. સલમાનના સ્પર્શથી નાયકના મનમાં ચાલતો દ્વંદ્વ આંસુ બનીને બહાર આવે છે: "મારી બંને આંખોમાંથી આંસુ વહેતા હતા, જેમાંના એક સલમાનના સ્નેહના તો બીજા સુલેમાનના ભયના હતા. જે એકબીજાને છેદતા-વિરોધતા હતા." [પૃષ્ઠ: ૧૩]

સિપાહી હાજીમિયાં (નિષ્કામ પ્રેમ અને આધ્યાત્મિક એકતાનું શિખર) એક મુસ્લિમ વિદ્યાર્થી પોતાના હિંદુ શિક્ષકના જીવતર માટે પવિત્ર રમઝાન માસમાં રોજા રાખે છે! તે કહે છે: "સર! આમ તો હું મુસ્લમાન, પણ રોજા કદી રાખ્યા નથી... પણ તમારી બીમારીના સમાચાર સાંભળી આ વખતે રમઝાનમાં મેં રોજા

રાખવાની મન્નત તમારા માટે માની છે..." [પૃષ્ઠ: ૧૩-૧૪]. હાજીમિયાંનું આ સમર્પણ નાયકના મનમાંથી ધાર્મિક પૂર્વગ્રહના જાળાંને સાફ કરી નાખે છે.

સાહિત્યિક દૃષ્ટિએ જોઈએ તો, 'કાકડો' એ વાર્તાનું કેન્દ્રીય પ્રતીક  છે. વાર્તામાં બે પ્રકારના કાકડા સળગે છે. એક ભૌતિક કાકડો, જે સુલેમાનના ટોળાએ નાયકના ફ્લેટ (પિકોક એપાર્ટમેન્ટ) પર ફેંક્યો હતો: "ગેલેરીમાં 'ફડાક' કરતો સળગતો કાકડો પડ્યો... કાકડો સળગતો અમને જીવતે જીવ સળગાવવા તત્પર બન્યો હતો." [પૃષ્ઠ: ૧૨]

પરંતુ બીજો કાકડો એ નાયકના અર્ધજાગ્રત મનમાં સળગતો દ્વેષનો કાકડો છે. લેખક આ મનોવૈજ્ઞાનિક વાસ્તવિકતાને પકડીને લખે છે:

"એ કાકડાની આગ તો હોલવાઈ ગયેલી પણ મારાં મનમાં તે વિસ્તરતી ચાલી... ધીમે ધીમે તે વ્યક્તિ સુલેમાન જેવો લાગ્યા કરતો... અંતે તો સુલેમાન જ મારા ચિત્ત પર હાવી થઈ જતો હતો ને મને વધુ ને વધુ કટ્ટર બનાવતો જતો હતો." [પૃષ્ઠ: ૧૩]

આ વર્ણન દર્શાવે છે કે આતંકવાદ કે હુલ્લડનો હેતુ માત્ર શારીરિક નુકસાન પહોંચાડવાનો નથી હોતો, પરંતુ સામેવાળાને પોતાના જેવા જ 'કટ્ટર' બનાવી દેવાનો હોય છે. નાયક પોતે આ કટ્ટરતાનો ભોગ બની રહ્યો હતો.

વાર્તાનો અંતિમ ભાગ એ સાંપ્રદાયિક સદ્ભાવ અને માનવધર્મના ઉચ્ચ આદર્શનું સ્થાપન કરે છે. જ્યારે નાયક હાજીમિયાંના ઘરે રમઝાનના રોજા દરમિયાન જાય છે, ત્યારે તેને હાજીમિયાંનો આખો પરિવાર પોતાનો લાગવા માંડે છે.

"તેમનો આખો મહોલ્લો ને તેમનો આખો પરિવાર મને ગમવા લાગ્યો. પોતીકો લાગવા લાગ્યો. મંદિર, મસ્જિદ, ઈશ્વર-અલ્લા એક જ લાગવા લાગ્યા." [પૃષ્ઠ: ૧૪]

રોજા ખોલવાના સમયે (ઈફ્તારના સમયે) ખુદ નાયક પોતાના હાથે બીમાર હાજીમિયાંને શરબત પીવડાવે છે. આ શરબત બે ધર્મો, બે સંસ્કૃતિઓ અને બે મનુષ્યો વચ્ચેનું અમૃત બની જાય છે. ત્યાં વહેતા આંસુઓ વિશે લેખકે જે માર્મિક અંત આપ્યો છે, તે ગુજરાતી ટૂંકી વાર્તાના શ્રેષ્ઠ અંતમાં સ્થાન પામે તેવો છે:

"સિપાહી હાજીમિયાનાં આંસુ જાણે કાયમને માટે ઠારી રહ્યા હતા વર્ષો પહેલા એ સળગાવેલા સુલેમાનના કાકડાને !!" [પૃષ્ઠ: ૧૫]

અહીં વર્ષોથી મનમાં સળગતો 'દ્વેષનો કાકડો' પ્રેમ, કરુણા અને કૃતજ્ઞતાના આંસુઓથી હંમેશ માટે હોલવાઈ જાય છે. આગને પાણી જ બુઝાવી શકે, તેમ નફરતને માત્ર ને માત્ર શુદ્ધ પ્રેમ જ શાંત કરી શકે છે.

ડૉ. ભરત સોલંકીની ભાષાશૈલીમાં એક પ્રકારનો પ્રવાહ છે. શબ્દોની પસંદગી અને રવાનુકારી શબ્દો વાતાવરણને આબેહૂબ ઊભું કરે છે. જેમ કે, ગ્લુકોઝના પાણીનું 'ટપ્ ટપ્ ટપ્' પડવું, થાળીઓનો 'ટણ...ટણ...ટણ...' અવાજ, હૃદયનો 'થડ્ક થડ્ડ્ક થડ્ડ્ક' ધબકારો અને દાદરા પર આવતો 'ધડ્ ધડ્ ધડ્ ધાડ્' અવાજ! આ ધ્વનિ-ચિત્રો વાચકને સીધા જ ઘટનાસ્થળ પર ઊભા રાખી દે છે. લેખકની શૈલીમાં રહેલી સાદગી અને છતાંય અર્થની ગહનતા આ વાર્તાને ઉત્તમ સાહિત્યિક કૃતિનો દરજ્જો આપે છે.

તુરી સુરેશકુમાર માંગીલાલ ‘કાકડો’ વાર્તા માટે લખે છે કે, “ગુજરાતી ટૂંકી વાર્તામાં આ પ્રકારનું વિષયવસ્તુ ધરાવતી વાર્તા ભાગ્યે જ જોવા મળે છે. આ વાર્તા અનુઆધુનિક સમયમાં વિષયવસ્તુ તથા અભિવ્યક્તિની દૃષ્ટિએ નૂતન છે તથા કોમવાદથી કોમી એખલાસની વાર્તા બને છે તે આ વાર્તાનું નોંધપાત્ર પાસું છે.” (‘નોલેજ કન્સર્ટીઅમ ઓફ ગુજરાત-૩૩’ ડિસેમ્બર-જાન્યુઆરી ૨૦૨૦)

ડૉ. ભરત સોલંકીની 'કાકડો' વાર્તા એક સામાજિક વાર્તાની સાથે સાથે માનવ મનના ઊંડાણોનો તાગ મેળવતી એક મનોવૈજ્ઞાનિક અને આધ્યાત્મિક વાર્તા બની રહી છે. લેખકે 'સુલેમાન'ની કટ્ટરતાથી શરૂ થયેલી યાત્રાને 'હાજીમિયાં'ની આધ્યાત્મિકતા અને સમર્પણ પર પૂર્ણ કરી છે. આ વાર્તા એ વાતની દ્યોતક છે કે ધર્મના નામે ઊભી થયેલી દીવાલો ગમે તેટલી ઊંચી હોય, પરંતુ નિસ્વાર્થ પ્રેમ અને સંવેદનાનો એક નાનો અમથો વહેળો પણ તે દીવાલોને તોડવાની તાકાત ધરાવે છે.

કાકડો(વાર્તાસંગ્રહ), લે. ભરત સોલંકી, પ્રણવ પ્રકાશન, અમદાવાદ. ૨૦૧૭

---

પરમાર જ્યોતિબેન અમરશીભાઈ
પીએચ.ડી. શોધાર્થી,
ગુજરાતી વિભાગ.
મુંબઈ યુનિવર્સિટી, કાલીના, સાન્તાક્રુઝ પૂર્વ,
મુંબઈ, મહારાષ્ટ્ર. ૪૦૦૦૯૮.